<table>
<tr><td>રજુ તારીખ</td><td>::</td><td colspan="3">૧૦/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td>::</td><td colspan="3">૧૦/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td>નિકાલ તારીખ</td><td>::</td><td colspan="3">૧૧/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ</td><td rowspan="2">::</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૨</td><td>૦૧</td></tr>
</table>

**વલ્લભીપુરના જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ.વલ્લભીપુર.**

ફોજદારી કેસ નં. ૨૧૫/૨૦૨૬

આંકઃ –૧૩

ફરિયાદી : નામદાર સરકાર

**<u>વિરુધ્ધ</u>**

આરોપી : **પ્રવિણભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ**
રહે. માઢીયા ગામ,
તા.જી.ભાવનગર

**ગુન્હોઃ –** પ્રોહિબિશન એક્ટ કલમ– ૬૫(એ)(એ) મુજબ.

---

ફરિયાદ પક્ષેઃ વિ.એ.પી.પી.શ્રી જે.એમ.પંડયા

બચાવ પક્ષેઃ વિ.વ.શ્રી. એચ.એમ.મકવાણા

---

## " ઠ રા વ "

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે પ્રોહિબિશન એક્ટની કલમ– ૬૫(એ)(એ) મુજબ

ગેરકાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટામાં દેશી દારુ વેચાણ કરવાના ઈરાદે રાખી ગુન્હો કરેલ છે. તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસ કરતા હાલના આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ કરવામાં આવેલો જે સમન્સ બજી જતાં આરોપી તેમનાં વકીલ મારફતે હાજર થતા તેને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ, અત્રેની કોર્ટથી આરોપી સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવી, ગુન્હા અંગે સમજ આપી આંક–૫ થી નિવેદન લેવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ છે જેથી કેસ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી તેજપાલસિંહ રાજેન્દ્રસિંહ ચુડાસમાની જુબાની | ૦૭ |
| ૨. | ફરીયાદીની ફરીયાદ | ૦૮ |
| ૩. | પંચસાહેદ ગોકુળભાઈ ગોપાભાઈ મેરની જુબાની | ૦૯ |
| ૪. | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું | ૧૦ |
| ૫. | પંચસાહેદ વિક્રમભાઈ રાઘવભાઈ સોલંકીની જુબાની | ૧૧ |
| ૬. | ત.ક.અ શકિતસિંહ વનરાજસિંહ ગોહિલની જુબાની | ૧૨ |

**બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન,**

(૪) આ કામે ફરિયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષના ઉપરોકત પડેલા પુરાવાઓ અંગે આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–**૩૫૧** હેઠળ વિશેષ નિવેદન લેતા આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી બચાવમાં કોઈ સાક્ષી તપાસેલ નથી કે જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી અને વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ. ત્યારબાદ સરકાર તરફે વિદવાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદવાન વકીલશ્રીની વિસ્તૃત દલીલો સાંભળી.

(૫) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી ફરીયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-- **મુદ્દા**--

૧. શું ફરિયાદપક્ષ નિઃ શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખે સમયે અને સ્થળે આરોપીએ પોતાના કબજા ભોગવટામાં ફરિયાદમાં જણાવેલ માત્રામાં દેશી દારુ વેચાણ કરવાના ઈરાદે રાખી, પ્રોહિબિશન એક્ટની કલમ- ૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે. ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ નકારાત્મક

મુદ્દા નં. ૨ આખરી હુકમ મુજબ

**–::– <u>નિર્ણયો અંગેના કા ર ણો</u> –::–**

(૭) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા પ્રથમ આંક–૭ થી ફરિયાદી તેજપાલસિંહ રાજેન્દ્રસિંહ ચુડાસમાને તપાસવામાં આવેલ છે. તેમના પુરાવા મુજબ આરોપી પોતાના કબજા ભોગવટામાં દેશી દારૂ રાખી વેચાણ કરતા હોય તેવી બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ રેડ કરતા આરોપીના કબજા ભોગવટામાંથી દેશી દારૂ મળી આવેલ. જેથી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ અને આરોપી વિરુદ્ધ પ્રોહિ એક્ટની કલમ ૬૫(એ)(એ) મુજબ ધારા ધોરણસરની ફરિયાદ આપવામાં આવેલી જે ફરીયાદ આંક–૮ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ કામે કોઈ લોગબુક કે સ્ટેશન ડાયરીની નોંધ રજુ કરેલ નથી તથા બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા બધા મકાનો આવેલ છે અને ત્યાં ઘણા બધા લોકોની અવરજવર રહે છે. પંચનામું કર્યા બાદ ફરિયાદ આપેલી તથા ફરિયાદમાં પંચોના નામ સરનામાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તથા કોઈ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ નથી.

(૮) ત્યારબાદ ફરીયાદપક્ષે ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચોમાં આંક–૯ થી પંચસાહેદ ગોકુળભાઈ ગોપાભાઈ મેર તથા આંક–૧૧ થી પંચસાહેદ વિક્રમભાઈ રાઘવભાઈ સોલંકી નાઓને તપાસેલ છે. તેઓના પુરાવા મુજબ તેઓ પંચનામા વીશે કાંઈ જાણતા નથી. તેઓની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલ નથી. તેઓને આંક–૧૦ વાળું પંચનામું બતાવતા પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વિ.એ. પી.પી.શ્રીએ સદર પંચસાહેદોની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ તેમ છતાં પંચનામાની હકીકતને સમર્થન આપતો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

સદર પંચસાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકત કબુલ રાખેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરાવેલ તે સિવાય બીજી કોઈ જાત માહિતી નથી.

(૯) ઉપરોક્ત ફરીયાદીનો પુરાવો જોતાં, તેઓ પોલીસ સાહેદ છે. તેઓએ પોતાની ફરજની રુએ કરેલ કાર્યવાહી અને ફરિયાદની હકીકતોને સમર્થન કરેલ છે અને પંચો રૂબરૂ પંચનામાની વિગતે દેશી દારૂ કબજે કરેલ હોવાનું જણાવે છે. પરંતુ આ કામે મહત્વના ગણી શકાય તેવા પંચસાહેદ પંચનામા વિશે કશું જાણતા નથી. આ કામે રજુ પંચનામાની કોઈ હકીકતને તેઓએ સમર્થન કરેલ નથી. પ્રસ્થાપિત થયેલા ફોજદારી કાર્યવાહીના સિધ્ધાંત મુજબ સ્વતંત્ર પંચસાહેદો જયારે કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય ત્યારે આરોપીને તેઓની સામેના ગુન્હા સબબ કસૂરવાર ઠરાવી શકાય નહી. વધુમાં બનાવવાળી જગ્યા એથી સ્વતંત્ર સાહેદો મળી આવે તેવો વિસ્તાર છે તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી કે તપાસવામાં આવેલ નથી. જયારે સ્વતંત્ર સાહેદોને સાહેદ તરીકે દર્શાવેલ હોય અને તપાસવામાં આવેલ હોય અને પંચો પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય તેવા સમયે માત્ર પોલીસ સાહેદોના પુરાવા આધારે કેસનો નિર્ણય કરવાનો થાય ત્યારે તેવા સમયે તમામ સાહેદોના પુરાવા ખુબ જ બારીકાઈથી ચકાસવા પડે અને તેમાં જો મોટા ભાગે મહત્વના વિરોધાભાષ જણાતા હોય તો તેને નજર અંદાજ કરી શકાય નહી. આ કામે તપાસ કરનારની જુબાની જોતાં, કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ફરિયાદમાં પંચોના નામ સરનામાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. પંચસાહેદ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કે ટેકો આપતા નથી. કહેવાતો પ્રોહિ મુદ્દામાલ આરોપીના કબજામાંથી જ મળેલ છે તેવું ફરિયાદપક્ષ કોઈ પણ પુરાવાથી સાબીત કરી શકતા નથી. આમ, આ કામે સમગ્ર પુરાવો નજર સમક્ષ રાખતા ફરિયાદ પક્ષના કેસની હકીકત બિન

શંકાસ્પદ રીતની પુરવાર કરવામાં ફરિયાદપક્ષ ઉણો ઉતરતો હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને તે અદાલત માને છે. પરિણામે, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**(( હુકમ ))**

- આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–**૨૭૧(૧)** અન્વયે, પ્રોહિ એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો પ્રોહિબીશન મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરાયેલ ન હોય તો અપીલ સમય પૂર્ણ થયેથી તે મુદ્દામાલનો નિયમાનુંસાર નાશ કરવો.
- આરોપીએ અગાઉ આપેલ જામીનખત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–**૪૮૧** મુજબ હુકમની તારીખથી ૬ માસ સુધી યથાવત રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.વલ્લભીપુર.

તા.૧૧/૦૫/૨૦૨૬

આકાર લલિતકુમાર ત્રિવેદી
જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વલ્લભીપુર.
કોડ નં. જીજે૦૧૫૫૭

રાજેશ સી.પારેખ
પી.એ.